વધારાનો હવાલો સંભાળવા બદલ ચાર્જ એલાઉન્સ
મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા જળસંપત્તિ અને પાણીપુરવઠા વિભાગ
પરિપત્ર ક્ર:એસપીજી-૧૧૯૯-૭-ઈ,
સચિવાલય,ગાંધીનગર
તા: -2 FEB 2000

પરિપત્ર ::-

નાણા વિભાગના તા.૧૬.૭.૭૨ના ઠરાવ ક્ર:એસએસપી-૧૦૭૨-૨૬૫-ચ અન્વયે વધારાનો હવાલો સંભાળવા બદલ ચાર્જ એલાઉન્સ મંજુર કરવા સંબંધમાં જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. ત્યારબાદ નાણા વિભાગના તા.૧૧.૫.૮૯ના ઠરાવ ક્ર:એસએસપી-૧૦૮૭-૧૬૦-૮૯-ચ અન્વયે ખાતાના વડાઓને ખાલી જગ્યાનો ચાર્જ સોંપવા માટેની વ્યવસ્થા અને તે બદલે ચાર્જ એલાઉન્સ મંજુર કરવા સંબંધમાં સત્તા સોંપણીના હુકમો કરવામાં આવેલ છે.જેનો અમલ સરકારના વિવિધ વિભાગો અને ખાતાના વડાની કચેરીઓ દ્વારા યોગ્ય રીતે કરવામાં આવતો નહીં હોવાથી નાણા વિભાગના તા.૧૫.૪.૧૯૯ના પરિપત્ર (આ સાથે સામેલ છે.)થી આ અંગે જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

નાણા વિભાગના તા.૧૫.૪.૯૯ના પરિપત્રથી આપવામાં આવેલ સૂચનાઓ નર્મદા જળસંપત્તિ અને પાણીપુરવઠા વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓના ધ્યાન પર લાવવામાં આવે અને તેનું ચુસ્ત પાલન થાય તે જોવા જણાવવામાં આવે છે. વધુમાં વર્ગ-૧ના તાંત્રિક અધિકારીઓને ખાતાના વડાઓ દ્વારા વધારાનો હવાલો સોંપવા અને તે બદલ ચાર્જ એલાઉન્સ મંજુર કરવાની દરખાસ્તો નિયમાનુસાર, નિયત સમયમર્યાદા માટેજ સરકારમાં પૂરતી વિગતો સાથે રજૂ કરવામાં આવે, તેની તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)

( જી.બી.પટેલ )
ઉપસચિવ
નર્મદા જળસંપત્તિ અને પાણીપુરવઠા વિભાગ

બીડાણ:નાણા વિભાગનો
તા.૧૫.૪.૯૯નો પરિપત્ર